# ભાવનગરમાં જશ્ન ઈદે મિલાદુન્નબી નિમિત્તે નીકળ્યું શાનદાર જુલૂસ



રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી મોટી ઇદ 'ઈદે મીલાદ'ની મુસ્લિમ સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. પરોઢિયે મસ્જિદોમાં સલામી પઢી મુહમદ સાહેબને શ્રદ્ધાના પુષ્પો અર્પણ કરાયાં હતા. તેમ જ રાજકોટના રાજમાર્ગે પર ઇદનું જુલૂસ નીકળ્યું હતું. ઠેરઠેર સેવાકિય કાર્યો સાથે ફ્રૂટ, નિયાઝ, ઘાસચારો, ચણ વિતરણ કરાયું હતું. જુલૂસમાં વિવિધ શણગાર, રોશની, વાહનો સાથે પગપાળા લાખો લોકો જોડાયા હતા. (તસવીરઃપ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભાવનગર શહેરનાં કસ્બા અંજુમને ઈસ્લામ અને ઈદે મિલાદુશન્નબી જુલૂસ કમિટીનાં આગેવાનો દ્વારા પેગેમ્બરે ઈસ્લામની ૧૪૫૪મી વિલાદત (જન્મદિન) જને ઈદે મિલાદુન્નબી નિમિત્તે એક શાનદાર જુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરનાં ચાવડી ગેટ વિસ્તારમાં આવેલી હઝરત રોશન ઝમીર. પીરમહંમદશા બાપુની દરગાહ શરીફમાં ચાદર ચઢાવી, સલાતો સલામ પઢી. સામૂહિક દુઆઓ કરવામાં આવી હતી. ત્યાર બાદ ભાવનગર શહેરનાં સીટી ડી.વાય.એસ.પી. સિંગાલે લીલી ઝંડી બતાવી જુલૂસને પ્રસ્થાન કરાવેલ હતુ. આ ઝુલૂસ શહેરનાં રાજમાર્ગો પર ફર્યું હતું.

આ જુલૂસનું ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. જુલૂસમાં શહેરની મિલાદ પાર્ટીઓ. ઢોલ-ત્રાસા સાથે અનેક યુવક મંડળો, મદ્રેસાનાં બાળકો તેમજ ખાસ કરીને પીરે તરીકત હઝરત હમ્ઝા અશરફ અશરફુલ ઝીલાની કછોછવી સાહેબ, મેમણ મોટી જમાતનાં આગેવાનો તેમજ ભાવનગર શહેરનાં શીયા ઈના અશરી જમાતનાં પેશ ઈમામ સાહેબ, શહેરની દાઉદી વ્હોરા જમાતનાં આમીલ સાહેબ, તેમજ જુદી જુદી મસ્જીદનાં પેશ ઈમામ-સાહેબ, મૌલાના સાહેબ તેમજ ભાવનગર શહેરનાં મહાનુભાવો. આગેવાનો. કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમ જ આ જુલૂસમાં ટૂંકો. રિક્ષાઓ. ઉટ ગાડી, ઘોડેસવારો, બગી, ઘોડાગાડી, ટ્રેક્ટર, મોટરકાર સહિતનાં વાહનો મોટી સંખ્યામાં જોડાયા હતા. શાનોશૌકત સાથે આ જુલૂસ શહેરનાં રાજમાર્ગો પર ફર્યુ હતુ. આ જુલૂસમાં સંયમ, શિસ્ત અને કાનૂનનું પાલન કરવામાં આવ્યું હતું. જુલૂસમાં કસ્બાના પ્રમુખ મહેબૂબભાઈ સહિત આગેવાનો જોડાયા હતા.

# રાજકોટ ગણેશોત્સવમાં લાડુ સ્પર્ધા યોજાઈઃ વયોવૃદ્ધ ૧૯ લાડું ચટકાવી ગયા



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સહિત સમગ્ર દેશભરમાં ૧૧ દિવસીય ગણેશ મહોત્સવ ચાલી રહ્યો છે. ગણેશોત્સવ દરમિયાન વિવિધ પ્રકારની સ્પર્ધાઓ પણ યોજવામાં આવે છે, જેમ કે, રંગીલા રાજકોટમાં સતત ૧૬માં વર્ષે ગણપતિ મહોત્સવનું જાહેર આયોજન કરવામાં આવ્યું હતું અને તે અંતર્ગત લાડુ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પુષ વિભાગમાં ૧૯ લાડુ ખાઈને વૃદ્ધ વિજેતા જાહેર થયા હતા.

રવિવારના રોજ ગણેશ મહોત્સમાં યોજાયેલી આ સ્પર્ધામાં મહિલાઓમાં સાવિત્રીબેન યાદવ નામની મહિલાએ ૧૦ મિનિટમાં દસ જેટલા લાડુ આરોગ્યા હતા. આ મહિલા વિભાગમાં સાવિત્રીબેન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે રહ્યા હતા, જ્યારે પુરુષ વિભાગમાં ગોવિંદ લુણાગરિયા નામના ૬૯ વર્ષીય વૃદ્ધે ૧૯ લાડુ આરોગ્યા હતા, જ્યારે કે બીજા ક્રમાંકે ૧૪ લાડુ આરોગનારા અશોક રંગાણી રહ્યા હતા. મોદક સ્પર્ધામાં ૧૮થી ૭૦ વર્ષના નાગરિકે ભાગ લીધો હતો.

બે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એક સ્પર્ધા બહેનો માટે પાણીપૂરીની હતી. તેમજ મોદક સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પાણીપૂરીની સ્પર્ધામાં રાજકોટના એક બહેને ત્રણ મિનિટની અંદર ૪૦ પાણીપૂરી ખાઇને પ્રથમ નંબર મેળવ્યો હતો,

ગોવિંદ લુણાગરિયાએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લાં ૧૨ વર્ષથી લાડુ સ્પર્ધામાં ભાગ લે છે. તેમ જ તેઓ ખેતીકામના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી મોટા પ્રમાણમાં લાડુ ખાઈ શકે છે. જ્યારે સાવિત્રીબેન યાદવ નામના મહિલાએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લાં છ વર્ષથી લાડુ સ્પર્ધામાં ભાગ લે છે તેમ જ દર વર્ષે તેઓ લાડુ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવે છે.

# કોઈ ઈસ્લામિક દેશમાં નથી, ભારતમાં વક્ફ બોર્ડ છેઃ રાજકોટમાં રાજા ભૈયાના પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર પ્રદેશના બાહુબલી નેતા અને જનસત્તા દલ લોકતાંત્રિક પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજા ભૈયા ઉર્ફ રઘુરાજ પ્રતાપ સિંહ રાજકોટની મુલાકાતે આવી પહોંચ્યા હતા. સૌરાષ્ટ્ર-કચ્છના ક્ષત્રિય સમાજના વિદ્યાર્થીઓના સત્કાર સમારંભ કાર્યક્રમમાં તેઓ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના તેજાબી નિવેદનો માટે જાણીતા યુપીના કુંડાથી ધારાસભ્ય રાજાભૈયાએ આ કાર્યક્રમમાં વક્ફ બોર્ડ મુદ્દે નિવેદન આપ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસે ૨૦૧૩માં વકફ બોર્ડને શક્તિ આપી હતી, તેમણે સુરતમાં ગણેશ પંડાલમાં થયેલા પથ્થરમારા બાબતે પણ મુસ્લિમ સમાજની ટીકા કરતા જણાવ્યું હતું કે, હિન્દુઓ હમેશા દરેક ધર્મ, દરેક માન્યતાને સન્માન આપે છે. આપણા અસ્તિત્વની વાત આવે તો હવે આપણે બધાએ સાથે મળી આગળ આવવું જરૂરી છે.

રાજા ભૈયાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, આજે આપણો દેશ એક કઠીન પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે. લડાઈનું સ્વરૂપ થોડું બદલાઈ ગયું છે. આજે આપણા દેશની અંદર જ રાષ્ટ્ર વિરોધી તત્ત્વો રહે છે, દેશ વિરોધી તત્ત્વો રહે છે, જે આપણી સભ્યતા અને સંસ્કૃતિને ખતમ કરવા માગે છે. આજકાલ વક્ફ નામનો શબ્દ સાંભળવા મળી રહ્યો છે. આ ધરતી ઉપર કોઈ પણ દેશની અંદર વકફ બોર્ડ નથી. માત્ર ભારત દેશમાં વક્ફ બોર્ડ છે. કોઈ ઇસ્લામિક દેશમાં પણ વકફ બોર્ડ નથી. કોંગ્રેસે વર્ષ ૨૦૧૩માં વક્ફ બોર્ડને શક્તિ આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આપણા ક્ષત્રિય સમાજના પૂર્વજોએ પોતાના માટે નહીં દેશ માટે અને સંસ્કૃતિ માટે તલવાર ઉઠાવી પડી હતી. આપણે બધાએ આગળ આવવાની જરૂર છે. રાષ્ટ્ર હિત અને ધર્મ હિત માટે નિર્ણય કરે છે, તેમને પ્રોત્સાહન આપવું જોઈએ.

બાહુબલી નેતાએ મુસ્લિમોને નિશાન બનાવતા કહ્યું હતું કે, હિન્દુ સમાજના લોકો ક્યારે એવું નથી કહેતા કે, અમે મુસ્લિમ સમાજના લોકો સાથે ન રહી શકીએ. મુસ્લિમોએ કહ્યું, અમે હિન્દુ લોકો સાથે ન રહી શકીએ. અલગ મુસ્લિમ રાષ્ટ્ર જોઈએ. પૂર્વ પશ્ચિમી પાકિસ્તાન બન્યું એ સમયે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી અને તે જરૂરી પણ હતી.

સુરતમાં ગણપતિ પંડાલમાં પથ્થરમારો કરવામાં આવ્યો. આપણે આપણા દેવની આરાધના કરતા હતા, કોઈનું અપમાન ન હતું કર્યું. વૈષ્ણોદેવી દર્શન કરવા ભક્તો જતા હતા, ત્યાં ગોળીબારી કરી મારવામાં આવ્યા. ભારતને ખતમ કરવાનો એજન્ડા છે, એમનો હિન્દુ ક્યારે પણ કોઈનો વિરોધ ન કરે બધા ધર્મ બધી માન્યતાને સન્માન આપે છે હિન્દુ. પણ હવે આપણા અસ્તિત્વની વાત આવે તો આપણે બધાએ એક થઇ આગળ આવવું જરૂરી છે એવી હાકલ તેમણે કરી હતી.

# લખપતના નાની છેરમાં આવેલા પાવર સ્ટેશનના ૩૫૦ કામદારને અચાનક છૂટા કરી દેવાયા

## કામદારોની હાલત કફોડી બનતાં ધરણાં પર ઊતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના લખપત તાલુકાના નાની છેર ખાતેના જીએમડીસીના પાવર સ્ટેશનના ૩૫૦થી વધુ કામદારોને અચાનક છૂટાં કરી દેવાતાં રોષે ભરાયેલા કામદારો ધરણા પર ઉતર્યા છે. લખપત તાલુકાના ગુજરાત ખનીજ વિકાસ નિગમ જીએમડીસી ખાતે પેટા કોન્ટ્રાક્ટરે કામદારોને જાણ કર્યા વિના અચાનક છૂટા કરાતાં કોરિયાણી, કપુરાશી, નાની-મોટી છેર, સોનલનગર સહિત પાંચેક ગામના કામદારો અને તેમના ગરીબ પરિવારોની પરિસ્થિતિ કફોડી બની રહી છે.



આ અંગે કામદારોએ સ્થાનિકે પૃચ્છા કરતાં હાલ પ્લાન્ટ નંબર ૨ બંધ હોવાથી એમને છૂટા કરાયા હોવાનો જવાબ મળ્યો હતો. કામદારોને જયાં સુધી પરત લેવામાં નહીં આવે ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખવાની કામદારોએ ચીમકી ઉચ્ચારી છે. જીએમડીસીની વડી કચેરી દ્વારા કામદારો દ્વારા લેખિત-મૌખિક રજૂઆત કરાઇ હોવા છતાં નિરાકરણ આવ્યું નથી. વડા પ્રધાનના ૭૪માં જન્મદિવસની ઉજવણીના ક્રાયક્રમોમાં વ્યસ્ત એવા કોઈ અધિકારી ગરીબ કામદારોના ખબર-અંતર પૂછવા પણ આવ્યા નથી. છેલ્લા બે દાયકાથી નોકરી કરતા કામદારોને અચાનક છુટા કરાતાં કારમી મોંઘવારી વચ્ચે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. નાની છેર સરપંચ બળુભા સોઢા, કપુરાશી સરપંચના પ્રતિનિધિ રમેશ રાજગોર, સામાજિક કાર્યકર હરેશ રાજગોર, કોરિયાણી ઉપસરપંચ રાણુભા સોઢા, વિક્રમસિંહ હઠુભા સહિતનાઓએ છૂટા કરાયેલા કામદારોને ફરી નોકરીએ રાખવા માગણી કરી છે.

# રાજકોટના જંગલેશ્વરમાંથી બે શખ્સની ૫૧ કિલો ગાંજા સાથે ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાંથી રાજકોટ એસઓજીએ ૫૧.૮૬ કિલો ગાંજા સાથે રફીક જુણેજા અને અસ્લમ સૈયદની ધરપકડ કરી હતી. ભક્તિનગર પોલીસે બન્ને આરોપીઓ સામે એનડીપીએસ એક્ટ મૂજબ ગુનો નોંધ્યો છે.પોલીસે ૫.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાંથી એસઓજીએ ગાંજા સાથે બે આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ ગાંજાનું છૂટક વેચાણ કરતા હતા કે ગાંજો કોઈને આગળ વેચવા આપતા હતા તે અંગે તપાસ હાથધરી છે. આરોપીઓ કેટલા સમયથી ગાંજાનું વેચાણ કરતા હતા અને અગાઉ કોઈ ગુજરાતના પોલીસ સ્ટેશનમાં આરોપીઓ સામે ગુનો નોંધાયો છે કે નહીં તેને અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે આરોપીઓને જેલ હવાલે કર્યા છે.

હવે ગુજરાતમાં નવી મોડસ ઓપરેન્ડી બહાર આવી છે. ટ્રક અને કન્ટેનરમાં આ ગાંજાનો જથ્થો મંગાવવામાં આવે છે. ગાંજાનો જથ્થો પહેલા એક જગ્યાએ આવી જાય અને ત્યાંથી અલગ-અલગ લોકોને ગાંજો સપ્લાય કરવામાં આવે છે. ડ્રગ્સ સામે ગુજરાત પોલીસ અભિયાન ચલાવી રહ્યું છે અને જિલ્લાઓમાંથી ડ્રગ્સ ઝડપાઈ રહ્યું છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરાઈ રહી છે. કચ્છમાંથી સૌથી વધુ બિનવારસી હાલતમાં ડ્રગ્સ મળી આવે છે અને પછી સુરતમાંથી વધુ ડ્રગ્સ ઝડપાઈ રહ્યું છે.

# કચ્છનાં ૯૦૦થી વધુ ગામમાં એક વર્ષ સુધી ફરશે 'આયુષ સંજીવ'ની રથ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશના પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૪મા જન્મદિવસથી સતત એક વર્ષ સુધી સીમાવર્તી જિલ્લા કચ્છના ૯૦૦થી વધુ ગ્રામ્ય વિસ્તારોમાં 'આયુષ સંજીવ'ની રથ ફરશે.

કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ આ અનોખા સેવાયજ્ઞ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, લોકલાડીલા પ્રધાનમંત્રીના જન્મ દિવસે આયુષ હોસ્પિટલ ખાતે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરાયું છે જેમાં વિવિધ રોગનું નિષ્ણાત તબીબો દ્વારા નિદાન કરાશે.

આયુષ હૉસ્પિટલ અને દાતાઓ દ્વારા કચ્છમાં આરોગ્ય ક્ષેત્રે જાગૃતિ લાવવા આયોજિત થનારા આ સેવાયજ્ઞને ભારતીય જનતા પાશ, જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ ઉપરાંત અન્ય સેવાકીય-ધાર્મિક સંસ્થાનો સહયોગ મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમ્યાન, આયુષ સંજીવની રથના માધ્યમથી ૯૦૦થી વધુ ગામમાં લોકોની નિઃશુલ્ક આરોગ્ય તપાસણી કરાશે. ડાયાબિટિસ, બ્લડપ્રેશર ઉપરાંત હૃદયરોગને લગતી વિવિધ તપાસ કરવા સાથે હાડકાંની મજબૂતાઇની પણ તપાસણી કરવામાં આવશે.

આયુષ સંજીવની રથ જિલ્લાના અંતરિયાળ ગામોમાં જઇ લોકોની આરોગ્ય તપાસણી કરશે એ ઉપરાંત આયુષ્માન અને આભા કાર્ડ બનાવવાની પ્રક્રિયા પણ કરવામાં આવશે.

સાંસદ વિનોદ ચાવડા ૧૭મી તારીખે સવારે ૯ કલાકે આ આયુષ સંજીવની રથને પ્રસ્થાન કરાવશે.

## નલિયાની સબ જેલની દીવાલ કૂદી ભાગવાનો પ્રયાસ ભારે પડ્યોઃ હાડકાં તૂટ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના સીમાવર્તી ડુમરા ગામમાં શરાબ અંગેના ગુનામાં ઝડપાયેલા આરોપીએ નલિયાની સબ જેલમાંથી નાસવાનો નિષ્ફળ પ્રયાસ કરતાં પોલીસ બેડામાં ભારે ચકચાર પ્રસરી હતી. બનાવ અંગે કોઠારા પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ડુમરાના બસ સ્ટેશન પાસે શરાબનું સેવન કરેલી હાલતમાં ગામના કોલીવાસમાં રહેતો કરશન ઉર્ફે કિશન બાબુ કોળી (ઉ.વ.૨૦) નામનો યુવાન પેટ્રોલિંગ દરમ્યાન મળી આવ્યો હતો. કોઠારા પોલીસે કેફી પીણું પીધેલા કરશન ઉપર ગુનો દાખલ કરી અટક કરી નલિયા સબ જેલને સોંપ્યો હતો. નલિયાની સબ જેલમાં કેદ આરોપી કરશને બાથરૂમ જવાનું કહેતાં તેને બાથરૂમ લઇ જવાયો હતો ત્યારે તે સબ જેલની પાછળની દીવાલ ટારઝનની જેમ કૂદીને ભાગવા જતાં ઊંધા માથે જમીન પર પટકાયો હતો. કરશનને હાથમાં અસ્થિભંગ અને મોઢાના ભાગે ઇજા થતાં બત્રીસી તૂટી પડી હતી તેમજ શરીરના અન્ય ભાગોમાં પણ ઈજાઓ પહોંચી હતી.

હાલ તેને સારવાર હેઠળ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે અને નાસવાના પ્રયાસ અંગે નલિયા પોલીસે તેની વિરુદ્ધ અલગથી ગુનો દાખલ કર્યો છે તેમ કોઠારા પોલીસના તપાસકર્તાએ જણાવ્યું હતું.

# સુરેન્દ્રનગરમાં ખનન માફિયાના ઘર પર અંધાધૂંધ ફાયરિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં ખનન માફિયાઓ બેફામ થઈ ગયા છે અને વર્ચસ્વની લડાઈ પર ઉતરી જતાં સોમવારે એક માફિયાના ઘર પર અંધાધૂંધ ફાયરિંગ થયું હતું. જોકે, ફાયરિંગમાં કોઈને ઈજા પહોંચી નહતી.

સુરેન્દ્રનગર જિલ્લાનો સૌથી મોટો ખનન માફિયા સુદામડા ગામનો સોતાજ યાદવ કે જેના પર ૧૦ ગુના નોંધાયા છે, લેન્ડ ગ્રેબિંગ ખંડણી ગેરકાયદેસર હથિયાર રાખવા જેવા ગુનાઓમાં સંડોવાયેલા સોતાજ યાદવને ખનન પ્રવૃત્તિ બદલ કડક કાર્યવાહી હાથ ધરી હતી અને મોટો દંડ ફટકાર્યો હતો. આ કેસમાં સોતાજ યાદવ અને એના પુત્ર કુલદીપ ભાગતા ફરતા હતા.

છેવટે અમદાવાદ પોલીસે રિવરફ્રન્ટ પાસેથી પકડીને જેલ હવાલે કર્યા હતા, એક અઠવાડિયા પહેલા જામીન પર છુટકારો થયો હતો અને બહાર આવીને ઘરની મહિલાઓને આગળ કરીને સોતાજ યાદવની દીકરી કુમકુમબેન દ્વારા ખનન પ્રવૃત્તિ માટે કલેક્ટર અને ખાણખનીજ વિભાગમાં અરજી કરાઈ હતી. આ અરજીમાં કેહુભાઈ, ગભુભાઇ, જયપાલભાઇ ડોડીયા, સામંતભાઈ ભરવાડ, સુરેશભાઈ રબારીની સામે અરજી કરાઈ હતી. જેનું મનદુઃખ રાખીને કેહુભાઈએ ફોન પર ધમકી આપી હોવાનું સોતાજ યાદવ દ્વારા પોલીસને કહેવામાં આવ્યું હતું.

આજ મનદુઃખમાં દેવેન્દ્ર ઉર્ફે ડેનુને સોપારી આપી હોવાની વાત પોલીસ દ્વારા બહાર આવી હતી. આજ મુદ્દે દેવેન્દ્ર અને અન્ય ૧૦થી ૧૫ શખ્સો ૩ ગાડીમાં આવીને અંધાધૂંધ ફાયરિંગ કરી ફરાર થઈ ગયા હતા. જોકે, આ ફાયરિંગમાં કોઈને ઈજા પહોંચી ન હતી.

આમ, સોતાજ યાદવ દ્વારા અરજીઓ કરવાના કારણે આ ફાયરિંગની ઘટના બનવા પામી છે. પોલીસ દ્વારા નાકાબંધી કરી આરોપીઓને પકડવા અલગ અલગ ટીમો કામે લગાડી છે. દેવેન્દ્ર ઉર્ફે ડેનુ સામે પણ સાયલા, પાળીયાદ, ચોટીલામાં પાંચ ગુના નોંધાયા છે.

# રાજકોટ હવાઈ માર્ગે હૈદરાબાદ સાથે જોડાયું

## પ્રથમ દિવસે ફલાઈટ ૩૦ મિનિટ મોડી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર હૈદરાબાદ રાજકોટની ડેઇલી ફલાઇટ શરૂ થતાં ઉદ્યોગકારો, વેપારીઓમાં આનંદ છવાયો છે. ઇન્ડિગો એરલાઇન્સ કંપનીએ નવરાત્રિ તહેવાર પહેલા જ હૈદરાબાદ સેકટરનો વ્યાપ વધારવા રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટની પસંદગી ઉતારતા રાજકોટ-હૈદરાબાદ વચ્ચે સીધી ફલાઇટનું ઉડ્ડયન શરૂ થયું હતું.

સોમવારે રાજકોટ-હૈદરાબાદ હવાઇ માર્ગે જોડાયું હતું. ઇન્ડિગો એરલાઇન્સે રાજકોટ-હૈદરાબાદની સીધી ફલાઇટ સેવાનો પ્રારંભ કર્યો છે. રાજકોટ-હૈદરાબાદની ફલાઇટ પ્રથમ દિવસે ૩૦ મિનિટ મોડી આવી હતી. પ્રથમ ફલાઇટમાં ૧૦૦ મુસાફરોનું આગમન અને ૧૧૨ જેટલા મુસાફરોએ પ્રસ્થાન કર્યું હતું.

ઇન્ટરનેશનલ એરપોર્ટમાં મુંબઇ, દિલ્હી, ગોવા, પુના, બેંગ્લોર, અમદાવાદ, સુરત બાદ હૈદરાબાદની સીધી ફ્લાઇટ શરૂ થતા ઉદ્યોગપતિઓ, મોટા વેપારીઓ, ઉચ્ચ અભ્યાસ કરતા છાત્રો અને મુસાફરો માટે હવાઇ સેવા ઉપયોગી નિવડતા આનંદ છવાયો છે.

ઇન્ટરનેશનલ એરપોર્ટમાં આગામી ઓકટોબર માસથી વિન્ટર શેડયુલ અમલી થનાર છે તે પૂર્વે રાજકોટ-હૈદરાબાદની ડેઇલી ફલાઇટનો પ્રારંભ થયો હતો.

# રાજકોટમાં કાર રિવર્સ લેતી વખતે કચડાઈ જતા દોઢ વર્ષના બાળકનું મોત

અમદાવાદઃ રાજકોટમાં કારચાલકની બેદરકારીથી બાળક કચડાયું છે. રાજકોટના મવડી વિસ્તારમાં હેમન્દ્રી-૧ એપાર્ટમેન્ટમાં આ ઘટના બની છે. ચોકીદારનો પુત્ર રમતો હતો ત્યારે કાર ચાલકનું ધ્યાન રિવર્સ લેતા ધ્યાન ના ગયું અને તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતુ. રાજકોટના મવડી વિસ્તારમાં કારચાલકની બેદરકારીના કારણે માસૂમનું મોત થયું છે. કાર ચાલક પાર્કિંગમાં કાર રિવર્સ લઈ રહ્યો હતો ત્યારે તેનું ધ્યાન ન જતા કારની પાછળ રમતા બાળકનું મોત થયું છે. આ બનાવ બાદ પોલીસે તપાસ હાથ ધરી અને મૃતદેહને પી.એમ. માટે હૉસ્પિટલ ખસેડ્યો છે. પરિવારમાં ગમનો માહોલ છે, બાળકની માતા બેભાન થઈ ગઇ હતી. ફલેટમાં રહેતા મિલન પટેલ પોતાની કાર બહાર લઈને જતા હતા અને કાર રિવર્સ કરતી વખતે તેમનું ધ્યાન ન રહેતા બાળક પર કાર ચઢાવી દેતાં તાત્કાલિક સારવાર હેઠળ હૉસ્પિટલ લઈ જવામાં આવતા ડૉકટર દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.